નિયામકશ્રી, સમાજ સુરક્ષાની વડી કચેરી, ગાંધીનગર ખાતે S.D.O. કેડરમાંથી વહીવટી અધિકારી વર્ગ-૨ની ૦૧ નવી મંજૂર થયેલ જગ્યાની મુદત વધારવાની મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ
ઠરાવ ક્રમાંક:-મકમ/૧૦૨૦૨૦/૩૭૪૭૦/છ
સચિવાલય, ગાંધીનગર
તારીખ:-૦૮/૦૬/૨૦૨૧

<u>વંચાણે લીધા:-</u>

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૨૪/03/૨૦૨૧ના ઠરાવ ક્રમાંક:- મકમ/૧૦૨૦૨૦/૩૭૪૭૦/છ

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, ગાંધીનગરના .૧૫/૦૪/૨૦૨૧ના પત્ર ક્રમાંક:- મકમ/હંગામી જગ્યા/મુ.વ./૨૦૨૧/૨૬૪૫

<u>પ્રસ્તાવના:-</u>

વંચાણે લીધેલા ક્રમાંક:- (૧) પરના વિભાગના તા. ૨૪/03/૨૦૨૧ના ઠરાવથી નિયામકશ્રી, સમાજ સુરક્ષાની વડી કચેરી, ગાંધીનગર ખાતે S.D.O. કેડરમાંથી વહીવટી અધિકારી વર્ગ-૨ની ૦૧ નવી જગ્યા ઉભી કરવા માટે રૂ. ૫.૪૦ લાખનો ખર્ચ કરવાની વહીવટી મંજુરી આપવામાં આવેલ હતી.

વંચાણે લીધેલા ક્રમાંક:- (૨) પરના નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, ગાંધીનગરના તા.૧૫/૦૪/૨૦૨૧ના પત્રથી સદરહુ વહીવટી અધિકારી વર્ગ-૨ની ઉક્ત ૦૧ હંગામી જગ્યાની મુદત તા.૩૧/03/૨૦૨૧ના રોજ પુરી થતી હોઇ આ જગ્યાને ચાલુ રાખવાની મુદત તા.૦૧/૦૪/૨૦૨૧ થી તા.૩૧/03/૨૦૨૨ સુધી ચાલુ રાખવા માટે દરખાસ્ત કરવામાં આવેલ. સદરહુ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ:-</u>

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષાની વડી કચેરી, ગાંધીનગર ખાતે S.D.O. કેડરમાંથી વહીવટી અધિકારી વર્ગ-૨ની ૦૧ જગ્યાની મુદત તા.૦૧/૦૪/૨૦૨૧ થી વધારીને તા.૩૧/03/૨૦૨૨ સુધી ચાલુ રાખવાની આથી મંજુરી આપવામાં આવે છે.

હંગામી જગ્યાઓ ચાલુ રાખવાની મંજુરી મેળવવાની દરખાસ્ત જે તે નાણાકીય વર્ષ પુરૂ થવાના બે માસ અગાઉથી રજુ કરવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા)ની તા.૨૪/૦૫/૨૦૨૧ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

K8Patel

(કરિશ્મા પટેલ)

સેકશન અધિકારી,

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

- પ્રતિ,
- અ.મુ.સચિવશ્રી(સા.ન્યા) ના અંગત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા
- વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, ૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ (મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, ૧૬, ડો.
- જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.)
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી,
- ૧૬, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ (મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી,
- ૧૬, ડો. જીવરાજ ભવન, ગાંધીનગર.)
- નાણાંકીય સલાહકારશ્રી(સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સર્વે પ્રાંત અધિકારીશ્રીઓ (મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, ૧૬, ડો.
- જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.)
- સેકશન અધિકારીશ્રી, છ-૧ શાખા/બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટમાં છ શાખાના ઠરાવોની યાદીમાં સમાવિષ્ટ કરવાની વિનંતી સાથે.
- સિલેક્ટ ફાઇલ